સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પૂરશો પોતાનાં ને જેલે, એવાં નો'તાં આર્યાં!
બતાવશો 'પાણી'ની આંખ, એવાં નો'તા ધાર્યાં!
દેસો જાહેરમાં ધમકી, એવા નો'તાં ધાર્યાં!
છો સત્તાનાં જ સ્વાર્થી, એવા નો'તા ધાર્યાં...

હાઈકુ

પ્રદૂષણથી
હવે 'એકી-બેકી'માં,
થાય મુંઝારો!!
(સ્વયં શિસ્ત)

પેટ્રોલ-તેલ!
કરે છે માનવીને -
ઉંચા ને નીચા...
(ભાવની જેમ)

ચિંતન

ઈન્દ્રયાણિ ચ સંયમ્ય બકવત્ પંડિતો નરઃ ।
દેશકાલ બલે જ્ઞાત્વા સર્વકાર્યાણિ સાધયેત ॥

બગલાની જેમ તમામ ઈન્દ્રિયોને વશમાં કરી. તેના પર સંપૂર્ણ કાબૂ કરી, દેશ-કાળ અને બળનો અભ્યાસ કરી, તેના પર સંપૂર્ણ વિચાર કરી વિદ્વાનો એ પોતાનાં ધ્યેય-હેતુ પર સંપૂર્ણ વિચાર કરી વિદ્વાનોએ પોતાનાં ધ્યેય-હેતુ-કાર્યને સફળતાપૂર્વક પાર પાડવું જોઈએ.

આપણે કોઈ પણ કાર્ય-ફરજ-નવું સાહસ પછી તે ઘરનું સામાન્ય કામ હોય કે નોકરી-ધંધાની કામગીરી હોય એમાં 'વેઠ' ન થાય. ઘણાં લોકો દરેક કામ 'પતાવવા'ની રીતે જ કેર છે. કામ હાથમાં લેતાં પહેલાં પૂર્વ વિચાર-આયોજન અને જીવ રેડીને એ કાર્યમાં મગ્ન થવું જોઈએ. 'મારું કરેલું કામ ઉત્તમ' જ થાય એવો મક્કમ નિર્ણય લઈને જ કામ હાથમાં લેવું જોઈએ.

પછી કોઈ પણ કાર્ય હોય સાહિત્ય-કલા-અભ્યાસ-લેખન દરેકમાં રસપૂર્વક-મનથી-ઉત્તમ કાર્ય કરવું.

સુવિચાર

- ડિપ્રેશન (હતાશા)નો વિરોધી શબ્દ હેપીનેશ નહીં, પણ ઝિંદાદિલી જીવંતતા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સૃષ્ટિના આરંભથી જ કોઈ ધર્મ અસ્તિત્વમાં આવ્યો હોત તો હું તેમાં જરુર માનત... પણ બધા ધર્મો તો માણસે બનાવેલા છે - **વિક્ટર હ્યુગો**
- વિજ્ઞાન આપણને બાહ્ય વિશ્વના નિર્માણમાં મદદ કરે છે તો આધ્યાત્મિકતા નૈતિક જીવનના નિર્માણમાં મદદ કરે છે - **એ.પી.જે. કલામ**
- જીવીશ, બની શખે તો કેવળ પુસ્તકોથી - **કલાપી**
- સ્વયં દુઃખી હો ત્યારે બીજાનાં દુઃખના ટોપલાં થોડાં ઊંચકો તો તમને આનંદ થાય - **માનસસૂત્ર**
- પાણીનું બિંદુ ગરમ તવા પર પડે તો વરાળ થઈ જાય છે, પુષ્પ પર પડે તો ચમકી ઊઠે છે, છીપમાં પડે તો મોતી બની જાય છે, બિંદુ એક જ છે, અસર સંગતની છે - **શાહબુદ્દિન રાઠોડ**
- આજનું ઔષધ : દહીમાં અજમો નાખી પીવાથી કબજીયાતમાં રાહત થાય છે. (સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આજે ખાયકી-કૌભાંડો-છેતરપીંડી-ઝૂંપડપટ્ટી વગેરે...માં વિદેશીઓ આપણા ભારતને ખૂબ જ ખરાબ રીતે ચિતરે છે છતાં આપણા પેટનું પાણી હલતું નથી. દેશદાઝ - ગૌરવ-ગરિમા-સ્વમાન આપણે 'ધાબે' (નેવે) મૂકી દીધાં છે...

૧૮૭૫ની સાલમાં એક વિદેશી કંપની ભારતમાં સરકસ વિશે જાણતું પણ ન હતું. 'કંપની' તો ક્યાંથી હોય?! ધોબી તળાવના મેદાનમાં - મુંબઈમાં સરકસનો 'શો' પુરો થયો. લોકો શો જોઈ ખૂબ જ અચરજ સાથે પ્રભાવિત થયા હતા.

અંતમાં કંપનીનો માલિક આભાર-દર્શનનાં સંબોધનમાં બોલ્યો. આવી કરામત - પ્રયોગો કેવળ-માત્ર ને માત્ર વિદેશી લોકો જ કરી શકે 'હિંદુસ્તાન'ના લોકોનું કામ નહીં...

પ્રેક્ષકમાં બેઠેલાં સાંગલીના પ્રોફેસર શ્રી છત્રેના હૃદયમાં આ રાષ્ટ્રીય અપમાનના તીર જેવા શબ્દો ખૂંચી ગયા. અને હિંદુસ્તાનમાં પ્રથમ સરકસ કંપની સ્થાપવાનો મક્કમ નિર્ણય કર્યો - નોકરીમાંથી રાજીનામું આપ્યું.

મહારાજા વાડકરનો સહકાર મેળવી ૧૮૭૮માં શ્રી છત્રેએ 'છત્ર ગ્રાંડ સરકસ' કંપની જે ભારતની પ્રથમ સરકર ક્યું હતી. એની સ્થાપના કરી... અને ભારતીય સ્વાભિમાનની રક્ષા કરી...

પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવાની જરૂર

તંત્રીસ્થાનેથી....

પઠાણકોટમાં એરબેઝ પર થયેલ આતંકવાદી હુમલાએ ફરી એક વાર પાડોશી દેસ સાથેના સંબધો સુધારવાની દિશામાં શરુ થયેલા પ્રયાસો પર પાણી ફેરવી દીધું છે. દિલ્હીમાં પણ જૈશ-એ-મહંમદના બે આતંકી ઘૂસી ગયાના અહેવાલ છે, જે વીવીઆઈપીને બંધક બનાવવાની કોશિશ કરી રહ્યાં છે. પાકિસ્તાનની ચૂંટાયેલી સરકાર ગમે તેટલી શુભ દાનત ધરાવતી હોય તો પણ એનાં આંગણે ઊછરેલ આતંકી વિષવેલ ભારતમાં લોહી વહેવડાવતી રહેવાની છે. એ આતંકનાં થાણાંને જેર કરવાની લાખ વિનંતીઓ બહેરા કાને અથડાતી રહી છે અને દર વખતે વધુ મોટી હોનારતો સર્જી આતંકવાદી પરિબળો ભારતી સરહદમાં ઘુસણખોરી કરતાં રહ્યાં છે. છેલ્લે તો બધાં આતંકવાદી સંગઠનોની સંયુક્ત બેઠક પાક અધિકૃત કાશ્મીરમાં મળી હોવાના અને બેઠકમાં એ બધાએ ભારત પર સંગઠિત હુમલા કરવાનો સંકલ્પ કર્યો હોવાના અહેવાલો મળ્યા છે. વાજપેયી શાસન દરમિયાન ભારતીય વિમાનનું અપહર કરી અંકદાહ ખાતે બાનમાં રાખી જે અઠંગ આતંકવાદીને છોડાવ્યો હતો તે અઝહર મસૂદ પઠાણકોટ અને એ પહેલાં ગુરદાસપુરમાં થયેલા આતંકવાદી હુમલાઓ માટે જવાબદાર હોવાનું બહાર આવ્યું છે. હિઝબુલ મુજાહિદીનના આ ખૂંખાર વડાને બાઈજ્જત છેક કંદહાર સુધી વિશેષ વિમાનમાં મૂકી આવનાર વાજપેયીના સંરક્ષણ મંત્રી જશવંતસિંહ કે તે સમયની એનડીએ સરકાર પાસે નિર્દોષ નાગરિકોનો બચાવવાનો અન્ય કોઈ ઈલાજ નહોતો. પણ એ જ અઝહર મસૂદ પાકિસ્તાનમાં એની ભારતવિરોધી લોહિયાળ પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો છે એને નિયંત્રણમાં રાખવાની નવાઝ શરીફ સરકારની દાનત નથી. મસૂદ કે હાફિઝ સઈધ અને બીજા આતંકીઓ સાથે મળીને હવે તો પંજાબની મુક્તિ માટે જેહાદ ચલાવવું બબ્બર ખાલસા જૂથ પણ સક્રિય થઈ ગયું છે. પંજાબ ફરી એક વાર આતંકનો અડડ્ બની રહ્યું છે ત્યારે મોદી સરકાર નવાઝ શરીફના જન્મદિવસની ઉજવણીમાં જઈ 'માસ્ટર સ્ટ્રોક' લગાવી આવ્યાનું ગૌરવ લેતી ફરે છે તે કેવી વિડંબના છે! પાકિસ્તાનમાં ખરી સત્તા તો આર્મી પાસે છે. આ પાક આર્મી ક્યારેય ભારતને જંપીને બેસવા દેવાનું નથી, કારણ કે એને તો ઈંદિરા ગાંધીના શાસન શાસનકાળમાં આઝાદ થયેલ બાંગ્લાદેશ વાળી અપમાનજનક ઘટનાનું વેર વાળવું છે. કાશ્મીરનું ઉંબાડિયું સળગતું રાખવામાં આર્મી કે આઈએસઆઈ ઉપરાંત ખુદ પાકિસ્તાનના રાજકારણીઓને રસ છે. નવાઝ શરીફે પણ કાશ્મીર મુદ્દે યુનોના મંચ પર ઉઠાવીને એમનું પોત પ્રકાશ્યું જ હતું. તેમ છતાં, કદાચ અમેરિકાના જ દબાણ હેઠળ નરેન્દ્ર મોદીને સામા પગલે પાકિસ્તાન જઈ નવાઝ શરીફની સાથે પારિવારિક સંબંધો વિકસાવવાની ફરજ પડે છે! દેશ માટે આ સંકેતો સારા નથી. હવે તો ઉલટાના પાક પ્રેરિત જૈશ-એ-મહંમદ, બબ્બર ખાલસા, લશ્કરે તૈયબા અને હિઝબુલ મુઝાહિદીન સહિત તમામ આતંકવાદીઓએ ભારતમાં કાર્યરત આતંકવાદી સંગઠનો સાથે સંકલન સાધીને હુમલા વધારે અસરકારક બનાવ્યા છે. પઠાણકોટ અને ગુરદાસપુર જેવા નગર પાકિસ્તાનની સરહજ નજીકમાં સ્ટ્રેટેજિક ટાર્ગેટ બની રહ્યાં છે. આતંકવાદીઓ હવે ભારતીય સેનામાં કામ કરી ચૂકેલા નિવૃત્ત સૈનિકોને લાલચ આપીને ભારતની ગોપનીય સંરક્ષણ માહિતી મેળવવા લાગ્યા છે. જેસલમેર પાસેથી આવા જાસૂસો પકડાયા પણ છે. મોદી શાસનમાં દોઢ વર્ષ દરમિયાન પાકિસ્તાન સાથેના સંબંધો સુધારવાના પ્રામાણિક પ્રયાસો છતાં અવળું પરિણામ સાંપડ્યું છે. કદાચ આગામી દિવસોમાં આતંકવાદીઓ કોઈ મોટી ખુવારીને અંજામ આપે તો નવાઈ નહીં. ભારતીય નેશનલ સિક્યુરીટી એડવાઈઝર અજિત ડોભાલ એમના પાકિસ્તાની સમકક્ષ સાથે સંપર્કમાં છે, છતાં આતંકવાદી પ્રવૃત્તિઓ ઘટવાને બદલે વધતી જાય છે. શું આપમે આ બધું આંખ મીંચીને, કાન બંધ કરીને સહન જ કર્યા કરશું? કમ સે કમ કટ્ટર રાષ્ટ્રવાદના પુરસ્કર્તા નરેન્દ્ર મોદી જેવા નેતા પાસે આવી અપેક્ષા તો ન જ રહે! હજી કેટલા હુમલા સહેવાના છે? ભારતની સરહદો સળગી રહી હોય ત્યરે મોદી શહીદોને અંજલી આપીને કે સેનાની બહાદુરીને બિરદાવીને ઈતિશ્રી માની લે તે ઉચિત નથી જ.

નવા વર્ષના મોટા-મોટા સંકલ્પોમાં એક નાનકડો સંકલ્પ એ પણ લઈએ કે આપણી સાથે રહેતી વ્યક્તિને તે છે તેવા જ સ્વરુપે ચાહવું...

'તું અને હું આપણા દેહ બે પણ આપણે એક એ વાતને સાચી ઠેરવવાના લાખ પ્રયત્નો કરીએ છીએ પણ આપણી ભીતર તો સતત રણક્યા કરે છે અસ્વીકારનું અસ્તિત્વ આપણે તો છીએ પુસ્તકનાં સામસામા બે પૃષ્ઠ સંયુક્ત પણ અલગ અલગ માત્ર સિવાઈ ગયેલા કોઈ ઋણાનુબંધનાં દોરાથી'

- પન્ના નાયક

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

વર્ષ ૨૦૧૫ને વિદાય આપીને આપણે ૨૦૧૬માં પ્રવેશી ગયા. થોડા દિવસો સુધી ઉજવણીનો નશો આપણા પર છવાયેલો રહ્યો. તેમજ શુભેચ્છાઓ અને વધામણીનો વરસાદ આપણા પણ વરસતો રહ્યો. પણ પાછા આપણે આપણી રોજીંદી ઘટમાળના ક્રમમાં પરોવાઈ ગયા. નવું વર્ષ નવું ત્યારે જ લાગે જયારે આપણા જીવનમાં કંઈક નવું ઉમેરાય. પણ આપણે સેલ્ફ એનાલીસીસ કરીએ તો સમજાય કે આપણે એકધાર્યા જીવનથી એટલા ટેવાઈ ગયા છીએ કે તેમાં થોડો પણ ફેરફાર કરવો આપણા માટે અશક્ય બની જાય છે. આમાં આપણા રોજબરોજના કાર્યો, આપણા સંબંધો, આપણી જીવનશૈલી તેમ જ આપણી આસપાસના સંજોગો એ તમામનો સમાવેશ થઈ જાય છે.

આપણા જીવનનો સૌથી નિકટતમ અને પાયાનો સંબંધ એટલે લાઈફ પાર્ટનર સાથેનો સંબંધ. નવા વર્ષમાં એ સંબંધમાં કોઈ નવિનતા લાવી શકાય એવો પ્રયત્ન આપણે કરી શકીએ તો તેને પુનઃજીવંત કરી શકાય. પતિ-પત્ની એક અત્યંત નાજુક તાંતણે એકબીજાથી બંધાયેલા છે. બંને વચ્ચે સંવાદિતતાનો સૂર આજીવન જળવાયેલો રહે તે જરુરી છે. આપણી સમાજવ્યવસ્થા અનુસાર જો કોઈ કારણોસર આ સંબંધોમાં સંવાદિતતા ન જ અનુભવાય તો પણ કેટલાક દંપતિ આજીવન આ ભારને વેંઢાર્યા કરે છે. પુસ્તકના બે પાના જેમ કર્મસંજોગ એકબીજા સાથે સંકળાયેલા હોવા છતાં એકબીજાથી અલગ હોય તેમ જ નદીના બે કિનારા કે જે ક્યારેક એક ન હોવા છતાં એકબીજાથી અલગ પણ ન થઈ શકે તેવી પરિસ્થિતિ પતિ અને પત્ની બંને માટે અકળાવનારી હોય છે.

'પ્રાણ ગયા પછી શરીર સ્મશાનમાં બળે છે
પણ,
સંબંધોમાંથી પ્રેમ ગયા પછી માણસ મનોમન બળે છે.'

આજના આ જેટ યુગમાં લોકો ટેકનો-સેવી બન્યા છે. નવામાં નવી ટેકનોલોજીને જાણવાની કળા હસ્તગત કરી લેતા આપણને વાર નથી લાગતી પણ આપણી નિકટની પ્રેમાળ વ્યક્તિની આંખોની ભાષાને સમજવામાં આપણે પાછળ રહી ગયા છીએ. દરેક સંબંધની એક અલગ પ્રકારની ટ્યુનિંગ હોય છે. થોડો પ્રેમ તો થોડી તકરાર, થોડો ત્યાગ અને થોડું કબજો (પોસેશન), થોડી સ્પેસ અને થોડી છૂટછાટ, થોડો ક્વૉલિટી ટાઈમ અને થોડી મસ્તી આ બધાનું પ્રમાણસરનું મિક્ષ્ચર એક સુંદર અને પ્રેમાળ સંબંધને વર્ષોના વર્ષો સુધી ટકાવી શકે છે. એકબીજાને પ્રેમ કરવો એટલે એકબીજાને બદલવાની અને પોતાના જેવા જ બનાવવાની પ્રતિસ્પર્ધા નહિ પરંતુ, પોતે જે છે એ જ સ્વરુપમાં રહેવું અને અન્યને પણ પોતાના મૂળ સ્વરુપમાં જ રહેવા દઈને ચાહવું એ સાયુજ્યની પાયાની બાબત છે. પ્રેમનું આ બંધન જેલ જેવું ન બની જાય અને આપણે તેમાં ગૂંગળામણ ન અનુભવવા લાગીએ તે માટે બંનેએ કટિબદ્ધ રહેવું પડશે. અને આમ છતાં ગમે તેટલા પ્રયત્નો બાદ પણ જો તે સંબંધને ન્યાય ન જ આપી શકાય તેમ લાગે તો આજીવન કારાવાસ જેવી પરિસ્થિતિને બદલે આ પ્રકારના સંબંધમાંથી મુક્ત થઈ જવું વધુ હિતાવહ ગણાશે. તો આવો, નવા વર્ષના મોટા-મોટા સંકલ્પોમાં એક નાનકડો સંકલ્પ એ પણ લઈએ કે આપણી સાથે રહેતી વ્યક્તિને તે છે તેવા જ સ્વરુપે ચાહવું. અપેક્ષાઓના બોજ તળે સંબંધોનું અકાળે અવસાન થતું અટકાવીએ. સંબંધોમાં ગૂંગળામણ અનુભવાય તેવો અવસર જ ન આવવા દઈએ. કર્મસંજોગે બંધાયેલ ઋણાનુબંધને નિભાવીએ પણ આજીવન તેનો ભાર ચોક્કસપણે ન જ વેંઢાર્યા કરીએ.

- nehalgadhavi101@gmail.com

એપ્રિલના 'મિશન આસામ'નો ભાજપીટંકાર



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ઑક્ટોબર ૨૦૧૨માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હિમાચલ પ્રદેશના મંડીની જનસભામાં એ વેળાના કૉંગ્રેસી માનવ સંસાધન રાજ્ય પ્રધાન શશિ થરૂરનાં પત્ની સુનંદા પુષ્કર ભણી ઇશારો કરતાં તેમને 'પચાસ કરોડ રુપિયાની ગર્લફ્રેંડ' ગણાવ્યાં, ત્યારે ભારે ઉહાપોહ મચ્યો હતો. આ વખતે આસામના કૉંગ્રેસી મુખ્યપ્રધાન તરુણ ગોગોઇના સલાહકાર અને પૂર્વ પ્રધાન નીલમણિ સેન ડેકાએ વર્તમાન ભાજપી માનવ સંસાધન પ્રધાન સ્મૃતિ ઇરાનીને 'કેટલાંક વર્તુળોમાં મોદીનાં બીજાં પત્ની ગણાવાય છે' એવી હલકી ટિપ્પણી કરી એટલે આસામમાં રીતસર હિંસક અથડામણો સર્જાઇ છે. આસામના મુખ્યમંત્રી ગોગોઇ અને પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ અંજન દત્તાએ ડેકાની ટિપ્પણીને વખોડી કાઢી છતાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે આ વિવાદ રોકાવાનું નામ નથી લેતો.

બિહારના ઘા રૂઝવવા ભારતીય જનતા પક્ષે કોઇપણ ભોગે આગામી એપ્રિલ ૨૦૧૬ની આસામ વિધાનસભાની ચૂંટણી જીતવા કમર કસી છે. છેલ્લા દોઢ દાયકાથી આસામની કૉંગ્રેસ સરકારનું નેતૃત્વકરનાર તરુણ ગોગોઇ વિધાનસભાની આગામી ચૂંટણી નહીં લડવાના સંકેત છ મહિના પહેલાં આપી ચૂક્યા છે,પરંતુ આસામમાં 'કોમવાદી' ભાજપને સત્તાથી દૂર રાખવા માટે રચાનારા મહાગઠબંધનની રચના પછી એમની ભૂમિકાને આખરી ઓપ મળશે. છ-છ વાર લોકસભાના સભ્ય રહેલા અને ત્રણ-ત્રણવાર વિધાનસભામાં ચૂંટાઇને મુખ્યમંત્રી બનેલા ગોગોઇ મુસ્લિમ વૉટબેંક કાજે અત્તર-સમ્રાટ અને લોકસભાના સભ્ય મૌલાના બદરૂદ્દીન

બિહારના જેડી(યુ) પક્ષના મુખ્યમંત્રી નીતીશકુમાર આસામમાં કૉંગ્રેસસહિતના ગઠબંધન માટે સવિશેષ રસ લઇ રહ્યા છે એટલું જ નહીં, નીતીશ-લાલુ મહાગઠબંધનના પ્રચાર પ્રબંધક રહેલા તથા શુકનિયાળ મનાતા પ્રશાંત કિશોરે અહીં કૉંગ્રેસના પ્રચાર પ્રબંધકની જવાબદારી સંભાળી છે

અજમલના પક્ષ ઑલ ઇન્ડિયા યુનાઇટેડ ડેમાક્રેટિક ળંટ અને કૉંગ્રેસની પરંપરાગત દુશ્મન એવી આસામ ગણ પરિષદ (એજીપી) સાથે પણ કૉંગ્રેસના જોડાણના પક્ષધર છે. સમયાંતરે મિત્ર અને શત્રુની ભૂમિકામાં રહેલાં બીજેપી અને એજીપી ચૂંટણી પહેલાં જોડાણ કરશે કે કેમ એ હજુ અનિર્ણિત છે. દરમિયાન કૉંગ્રેસ અને એજીપીમાંથી ધારાસભ્યો અને નેતાઓને તોડીને પોતાના પક્ષ સાથે જોડવા ઉપરાંત એમને નેતૃત્વ પણ સોંપવા ઉપરાંત બાંગલાદેશથી એવા ત્રાસવાદી સંગઠન યુનાઇટેડ લિબરેશન ળન્ટ ઑફ અહોમ (અલ્ફા)ના જેલવાસી મહામંત્રી અનૂપ ચેટિયા (ગોલપ બરૂઆ)ને ભારત સરકાર તેડી આવીને,અલ્ફાના બીજા ભૂગર્ભવાસી

આસામની પ્રત્યેક વિધાનસભા બેઠકમાં ૩૦ થી ૩૫ ટકા જેટલા મુસ્લિમ મતદારોના પ્રભાવને જોતાં અજલમના પક્ષને કૉંગ્રેસના નેતૃત્વવાળા સેક્યુલર મહાગઠબંધનમાં લાવવાના આક્રમક પ્રયાસ થઇ રહ્યા છે

નેતાઓ સાથે સમજૂતી-મંત્રણા યોજીને,ચૂંટણીમાં ભૂગર્ભવાસી નેતાઓ સાથે સમજૂતી-મંત્રણા યોજીને રાજકીય લાભ ખાટવા આતુર છે.આસામને 'અસમ' કે 'અહોમ' કહેવામાં આવે છે. અસમ વર્ષ ૨૦૧૬ની મધ્યમાં જે વિધાનસભા ચૂંટણીઓ યોજવાની છે તેમાં આસામ જ એક રાજ્ય છે જ્યાં સત્તામાં આવવાની ભાજપને આશા છે. બીજાં રાજ્યો તમિળનાડુ, પશ્ચિમ બંગાળ કે કેરળની વિધાનસભાઓમાં ભાજપ પોતાની સ્થિત સુધારી શકે, પણ ભવ્ય જીતના દાવાઓ છતાં વિજય મળવાની ઝાઝી અપેક્ષાસહ આશાવાદ જણાતો નથી.

બાંગલાદેશી ઘૂસણખોરોના મુદ્દે આસામમાં ભડકેલાં ૧૯૭૯ પછીનાં યુવા આંદોલનોને પગલે ૧૯૮૫માં તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ યુવા-વિદ્યાર્થી ચળવળકારોની વિદેશી ઘૂસણખોરોને પાછા ધકેલા તથા મતદારયાદીઓમાંથી દૂર કરવા સહિતની જોગવાઇઓ સાથેની આસામ સમજૂતી કરવાની પહેલ કર્યા છતાં હજુ એ સમજૂતી કાગળ પર જ રહી હોવાની આસામની પ્રજાની અનુભૂતિ છે. મુશ્કેલી એ વાતની છે કે બાંગલાદેશ સાથે ભારતની પ્રત્યાર્પણ સંધિ નથી એટલે ગેરકાયદે ઘૂસણખોરોને પાછા ધકેલવાનું કામ ખૂબ જ મુશ્કેલ બની રહ્યું છે. ઓછામાંપૂરું બાંગલા ઘૂસણખોરોમાં હિંદુ અને મુસ્લિમના ભેદ કરીને ખેલાતું સંઘ-ભાજપનું રાજકારણ ૧૯૭૧ પછી આવેલા તમામ બાંગલા ઘૂસણખોરોને પાછા કાઢવા બાબત અવરોધ સર્જી રહ્યું છે. મોદી સરકારે તો હિંદુ ઘૂસણખોરોને 'શરણાર્થી' ગણીને ભારતની નાગરિકતા આપવા અંગેનું જાહેરનામું બહાર પાડ્યું એટલે મહદ્અંશે મિત્રપક્ષ લેખાતી આસામ ગણ પરિષદ (એજીપી) પણ ભડકી છે. એજીપીને ઘૂસણખોરોના ભેદ ધર્મ આધારિત કરવા સામે વાંધો છે. તેની ભૂમિકા છે કે ઘૂસણખોર હિંદુ હોય કે મુસ્લિમ એમને બાંગલાદેશ ભણી પરત ધકેલવાની આસામ સમજૂતી મુજબની જોગવાઇનો અમલ થાય અને મતદારયાદીઓમાંથી તો આવા વિદેશી ઘૂસણખોર નાગરિકોનાં નામ દૂર કરવામાં આવે.

આસામની ચૂંટણીનાં જોડાણો અને મુદ્દા નક્કી થવાના હજુ બાકી હોવા છતાં છેલ્લી ત્રણ-ત્રણ ચૂંટણી કૉંગ્રેસ જીતી હોય ત્યારે એને પ્રજા ફરી ચૂંટશે કે કેમ એ કહેવું અત્યારે કવેળાનું ગણાશે. બિહારના જેડી(યુ) પક્ષના મુખ્યમંત્રી નીતીશકુમાર આસામમાં કૉંગ્રેસસહિતના ગઠબંધન માટે સવિશેષ રસ લઇ રહ્યા છે એટલું જ નહીં, નીતીશ-લાલુ મહાગઠબંધનના પ્રચાર પ્રબંધક રહેલા તથા શુકનિયાળ મનાતા પ્રશાંત કિશોરે અહીં કૉંગ્રેસના પ્રચાર પ્રબંધકની જવાબદારી સંભાળી છે. વડાપ્રધાન મોદીના પ્રચાર પ્રબંધક રહેલા પ્રશાંત બિહારમાં ભાજપની સામે હતા. આસામમાં ભાજપ થકી પ્રશાંત કિશોરની ટીમના બીજા કેટલાક સભ્યોને પોતાની સાથે જોતરવામાં આવ્યા છે. ઉત્તરાયણ પછી ચૂંટણીનો ગરમાટો વર્તાવો શરૂ થશે.

હજુ ગયા સપ્ટેમ્બરમાં જ કૉંગ્રેસના નવ ધારાસભ્યો ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને મળ્યા હતા અને પૂર્વ પ્રધાન હિંમત વિશ્વા સર્મા સહિત અનેક કૉંગ્રેસીઓ ભાજપમાં જોડાયા છે. મુખ્યમંત્રી ગોગોઇએ હમણાં પ્રદેશ કૉંગ્રેસના કાર્યાલય 'રાજીવ ભવન' પરના હુમલા માટે 'ભાજપના ગુંડારાજ' માટે આ સર્માને જવાબદાર લેખવાનું પસંદ કરીને તપાસના આદેશ આપ્યા છે. બિહારના મુખ્યપ્રધાન નીતીશ કુમારે હવે ગોગોઇને સ્થાને કૉંગ્રેસના નવા નેતાને પ્રોજેક્ટ કરવાનો આગ્રહ કર્યો હતો. એ નેતા ગોગોઇની પસંદગીના હોય એ જરૂરી ખરું, પણ એમના સાંસદપુત્ર

એજીપી સાથે ભાજપના મિત્રવત્ સંબંધ રહ્યા હોવા છતાં એ પક્ષમાં ધાડ પાડવામાં ભગવી પાર્ટીએ કોઇ મણા રાખી નથી, ભાજપના અત્યારના પ્રદેશાધ્યક્ષ અને કેન્દ્રમાં પ્રધાન રહેલા સર્બાનંદ સોનોવાલ અગાઉ એજીપીમાં હતા

ગૌરવ ગોગોઇ હશે કે કેમ એ હજુ સ્પષ્ટ નથી. સ્વયં મુખ્યપ્રધાન ગોગોઇ એ વાતે નન્નો ભણે છે, પણ રાજનેતાઓ કહે એ જ કરે એવું હોતું નથી. બીજી બાજુ, એજીપી સાથે ભાજપના મિત્રવત્ સંબંધ રહ્યા હોવા છતાં એ પક્ષમાં ધાડ પાડવામાં ભગવી પાર્ટીએ કોઇ મણા રાખી નથી. ભાજપના અત્યારના પ્રદેશાધ્યક્ષ અને કેન્દ્રમાં પ્રધાન રહેલા સર્બાનંદ સોનોવાલ અગાઉ એજીપીમાં હતા. છેલ્લાં બેવર્ષ દરમિયાન એજીપીમાંથી ભાજપમાં આવેલા નેતાઓમાં અતુલ બોરા (સીનિયર), ચંદ્ર મોહન પટવારી, હિતેન્દ્ર નાથ ગોસ્વામી, જગદીશ ભુયાન, પુલકેશ બરૂઆ, હેમંત કલિતા, ક્વીન ઓઝા, બિજાન મહાજન અને પદ્મા હઝારિકાનો સમાવેશ છે. એજીપીના વર્તમાન અધ્યક્ષનું નામ પણ અતુલ બોરા છે, પણ એ વિશે એજીપીનાં ઉપાધ્યક્ષ અને મુંબઇ યુનિવર્સિટી અમારાં સહપાઠી ડૉ.અલકા નાગેન શર્મા ફોડ પાડે છે કે એજીપીમાં બે અતુલ બોરા હતા. એમાંના સીનિયર અત્યારે ભાજપમાં છે. લોકનાયક જયપ્રકાશ નારાયણપ્રેરિત છાત્ર યુવા સંઘર્ષ વાહિનીમાં કાર્યકર રહેલાં અને જન્મે ગુજરાતી એવાં અલકા દેસાઇ આસામ આંદોલનના અગ્રણી નાગેન શર્મા સાથે લગ્નસંબંધે જોડાયાં હતાં. ફેબ્રુઆરી ૨૦૦૦માં એ વેળાના આસામના મુખ્યમંત્રી પ્રફુલ કુમાર મહંતી (આસામના રાજ્યપાલ રહેલા લેફ્ટ. જનરલ એસ.કે. સિંહા 'મહંતો'ને બદલે 'મહંતી' શબ્દપ્રયોગ કરવાનું પસંદ કરે છ) ની સરકારમાં વન અને જાહેર બાંધકામ પ્રધાન રહેલા નાગેન શર્માને અલ્ફા ઉગ્રવાદીઓએ બોમ્બ વિસ્ફોટમાં મોતને ઘાટ ઉતાર્યા હતા. એ પછી અલકા એમના જ મતવિસ્તાર પરથી બે વખત ધારાસભ્ય ચૂંટાયાં હતાં અને છેલ્લી ૨૦૧૧ની ચૂંટણીમાં હારી ગયાં હતાં.

આસામમાં છેલ્લી લોકસભા ચૂંટણીમાં કુલ ૧૪ બેઠકોમાંથી ભાજપે ૭ બેઠક મળી હતી. કૉંગ્રેસને ત્રણ અને મૌલાના અજમલની પાર્ટીને ૩ મળી હતી. એક બેઠક અલ્ફાના કમાન્ડર રહેલા નબકુમાર સરાણિયા અપક્ષ તરીકે જીત્યા હતા.વિધાનસભાની ચૂંટણી પહેલાં આસામની અનેક જાતિઓને અનુસૂચિત જનજાતિ એટલે કે એસ.ટી.નો દરજ્જો આપવાનો

અનુસંધાન પાના નં. ૭ પર

બિન રૂપાંતરીત કેસમાં કલેક્ટરને પાંચ કરોડ પ્રિમીયમ સ્વીકારવાની સત્તા

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગાંધીનગર મહેસુલ વિભાગમાં બિન ખેતીની મંજુરી અંગે બે કરોડ કે તેથી વધારેની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા રૂપાંતરીત પ્રિમીયમ ભરવાની મંજુરી મેળવવા માટે ફાઈલોનો ખૂબ જ મોટો ભરાવો થતો હતો જેના નિકાલમાં ઘણા જ મહિનાઓ નિકળતા વિકાસના કામમાં રૂકાવટ આવતી હતી જે મુખ્યમંત્રીશ્રીના ધ્યાનમાં આવતા પાંચ કરોડ સુધીની રૂપાંતરીત પ્રિમીયમ વસુલ કરવા માટે જીલ્લાના કલેકટરશ્રીને સત્તાની સોંપણી કરવા માટે મહેસુલ વિભાગે તાજેતરમાં પરિપત્ર જારી કરી આદેશ કરતા જીલ્લા કલેકટરશ્રીના કક્ષાએ જ જીલ્લાના બિનખેતી રૂપાંતરીતની કિંમત વસુલ કરવામાં આવતા સમયનો બચાવ થશે અને રીયલ એસ્ટેટના કામોમાં ઝડપ આવતા અટવાયેલા પ્રોજેકટોને જીલ્લામાં જ કલેકટરશ્રી દ્વારા મંજુરી મળતા કામમાં ઝડપ આવતા રીયલ એસ્ટેટમાં નવા વર્ષમાં તેજી જોવા મળશે વિકાસશીલ અને ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વણથંભ્યા વિકાસમાં વહીવટી તંત્રને સરળ બનાવવા જીલ્લા કલેકટરોને પાંચ કરોડની જંત્રીની કિંમત તથા પ્રિમીયમની રકમ વસુલવા માટે સત્તા અને અધિકાર આપતા દેશમાં ગુજરાત એક માત્ર આવું રાજય છે જયાં જીલ્લા કલેકટરશ્રીઓને અમાપ સત્તાઓ વિકાસ પરવાનગી માટે આપવામાં આવી હોય બીજા રાજયમાં કોઈ જ કલેકટરશ્રીઓને આવી વિશાળ સત્તા આપવામાં આવી નથી. બીજા રાજયો માટે ગુજરાત મોડલ સ્ટેટ બનશે. જીલ્લા કલેકટરશ્રીની કચેરીઓમાં એન.એ. કરવાની ઉંચી રકમ અન્ડર ટેબલ વસુલાત કરતા દલાલોને પણ આ કાયદાથી તેજી આવે તો નવાઈ નહી.

પાંચ કરોડથી ઉપરની રકમ વસુલ કરવા માટે મહેસુલ સચિવ સુધી સરકારશ્રીની મંજુરી માટે ફાઈલો જીલ્લા કલેકટરશ્રીઓ મારફત ગાંધીનગર પહોંચાડવામાં આવશે જેનો સમયગાળો ૯૦ દિવસનો મુકરર કરવામાં આવ્યો છે. ૯૦ દિવસમાં પ્રિમીયમની રકમ નકકી કરી મંજુરી આપવાની રહેશે. અધુરી વિગતો તથા નોંધો વાળી ફાઈલો જીલ્લા કલેકટરશ્રીને તાત્કાલીક પરત કરવામાં આવશે. હાલમાં પાંચ કરોડની રકમ જમા કરાવવાની મંજુરી અંગેની ફાઈલો પણ જે તે જીલ્લામાં પ